ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

નં./આર/૧૨૦૫/૨૦૧૮ તા.૧૨-૦૫-૨૦૧૮

પરિપત્ર

પ્રતિ,
(૧) ડીરેક્ટરશ્રીઓ અને વિભાગીય વડાશ્રીઓ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
(૨) આચાર્યશ્રીઓ, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/સંસ્થાઓ.

વિષય : મુખ્યમંત્રી એપ્રેન્ટીસ તાલીમ યોજના (MATS) અંતર્ગત **“એપ્રેન્ટીસશીપ જોબ ફેર” રોજગાર મેળા** બાબત.

શ્રીમાન,

ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને તેમની ઉજ્જવળ કારકિર્દી અંગે સતત પ્રયત્નશીલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વડપણ હેઠળની **“મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના (MATS)** ” અંતર્ગત ગુજરાત યુનિવર્સિટી દ્વારા તા.૧૭-૦૫-૨૦૧૮ ના ગુરુવારના રોજ સવારે ૧૦.૦૦ કલાક થી સાંજે ૫.૦૦ કલાક સુધી ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે એક ભવ્ય **“એપ્રેન્ટીસ જોબ ફેર”** રોજગાર મેળા નું આયોજન કરી રહી છે. આ આયોજનમાં દેશની પ્રતિષ્ઠિત કંપનીઓ અને સંસ્થાઓ દ્વારા રોજગારવાંછું યુવાનો/વિદ્યાર્થીઓને એપ્રેન્ટીસ રોજગારીની તકો આપવામાં આવશે. આપની સંસ્થાના રોજગારવાંછું યુવાનો/વિદ્યાર્થીઓને આ “એપ્રેન્ટીસ જોબ ફેર” રોજગાર મેળામાં ઉત્સાહભેર ભાગ લેવા આથી જણાવવામાં આવે છે. આ એપ્રેન્ટીસ જોબ ફેરમાં ભાગ લેવા વિદ્યાર્થીઓ દ્વારા નીચે દર્શાવેલ લિંક પર જઈ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

https://drive.google.com/open?id=1yAc2IEc95jdoSM44y4fmgHyDgEAySWxm

સ્થળ : ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ -૩૮૦૦૦૯.

તારીખ : ૧૭-૦૫-૨૦૧૮, સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક સુધી

-Sd-
કા. કુલસચિવ

(નોંધ : ઉમેદવારોને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા અને અન્ય સહાયતા માટે તા.૧૪ થી ૧૬ મે, ૨૦૧૮ દરમિયાન એન.આર.એસ. હોલ, સમાજવિદ્યા ભવન પાસે, ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ખાતે સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી રજીસ્ટ્રેશન સેન્ટર કાર્યરત રહેશે.)